
## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




**આ લોકોએ ન્યુઝીલેન્ડના બે-પાંચ ખેલાડીને રાજીનામુ અપાવી આપણી ટીમમાં લઈ લીધા હોત તો જીતવું આસાન હતું...**

## કાશ્મીરમાં શહીદ થયેલ સ્વ. દિલીપસિંહ ડોડિયાના પાર્થિવદેહને અમદાવાદ એરપોર્ટ ખાતે સ્વીકારતા શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ



અમદાવાદ, તા. ૧૨

કાશ્મીરમાં શહીદ થયેલ દિલીપસિંહ ડોડીયાનો પાર્થિવદેહને ગઈકાલે રાત્રે અમદાવાદ એરપોર્ટ ખાતે આવી પહોંચતા શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તથા શિક્ષણ રાજ્યમંત્રી શ્રીમતી વિભાવરીબેન દવેએ સંપૂર્ણ સૈનિક સન્માન સાથે સ્વીકાર્યો હતો.

શહીદ સ્વ. દિલીપસિંહ વિક્રમસિંહ ડોડીયા ભારતીય લશ્કરમાં લાન્સનાયક તરીકે સેવારત હતા. ૨૯ વર્ષીય સ્વ. ડોડિયા ભાવનગર જિલ્લાના વલભીપુર તાલુકાના કાનપુર ગામના વતની હતા. શહીદના પાર્થિવ દેહને મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, વિભાવરીબેન દવે, મેયર શ્રીમતી બિજલબેન પટેલ, ભાજપા અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી, કલેકટર ડો. વિક્રાંત પાંડે અને પોલીસ અધિકારીઓએ પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

# રાજભવન કવાટર્સ પાછળ દબાણનો રાફડો



ગાંધીનગર,તા. ૧૨

ગાંધીનગર શહેરમાં કુદકે ને ભુસકે દબાણ વધી રહ્યું છે. દબાણની ખબર હોવા છતા તંત્રના અધિકારીઓ આંખ આડા કાન કરે છે. જયારે શહેરમાં દબાણ વધી જાય ત્યારે અધિકારીઓ સફાળા જાગીને દબાણ દુર કરવાની કામગીરી કરી કામ કર્યાનો સંતોષ માને છે. ત્યારે ગાંધીનગર શહેરમાં થોડા સમય પહેલા તમામ વિભાગના તંત્રએ આડસ ખંખેરીને અક્ષરધામ પાસે બોરીજ ગામનું દબાણ દુર કર્યું હતું. જેમાં ૩૦૦ થી વધુ કાચા-પાકા મકાનનો સમાવેશ થતો હતો. ત્યારે તે જ પ્રકારને રાજભવન કવાટર્સ પાછળ બોરીજ કંપાના નામે કાચા-પાકા છાપરાના દબાણો શરુ થઈ ગયા છે અને તે સ્થળે પ્લોટના પણ પાછા હજ્જારો-લાખો રૂપીયા બોલાય છે. ત્યારે તંત્રની આંખ નીચે જ પાછુ જ માર્ગ પર મોટું દબાણ ઉભુ થઈ રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. હાલની સ્થિતિએ આ સ્થળ પર નાના મોટા ૨૦ થી વધુ કાચા-પાકા ઘરો તૈયાર થઈ ગયા છે. ત્યારે આ દબાણ કાયદેસર છે કે ગેરકાયદેસર તે તંત્રનો તપાસનો વિષય છે. મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેરના પ્રાણ પ્રશ્નમાં દબાણનો પ્રશ્ન મહત્વનો બની રહે છે. શહેરમાં લારી-ગલ્લા તો સેકટરોમાં ઝુંપડાના દબાણો નજરે પડે છે. રાત્રે ઉભા ના થાય તેટલા દબાણ દિવસે ઉભા થાય છે. શહેરમાં પણ દબાણની વિકરાળ સમસ્યા છે. ત્યારે શહેરના રાજમાર્ગ ગણાતા જ માર્ગ પર રાજભવન કવાટર્સ પાછળની બાજુમાં બોરીજ કંપા નામે દબાણનો રાફડો ફાટ્યો છે. ૨૦ થી વધુ કાચા-પાંકા છાપરા ઉભા થયા છે ત્યારે આ વિસ્તાર મોટો ના થાય તે જોવાની પણ તંત્રએ તકેદારી રાખવી જોઈએ. જયારે એક ખુટતા કાગળ સિવાય કામ ન થતા સરકારી કામકાજમાં દબાણમાં વિવિધ કનેકશન કેવી રીતે સરળતાતી મળી જાય છે તે પ્રશ્ન પણ નવાઈ પમાડે છે.

# પહેલાં વાલી બાળકને ભણાવવા શહેરમાં આવતો આજે વાલી ભણાવવા ગામડે જવા લાગ્યો : ડૉ. ચાવડા

### આર.ટી.ઈ. દ્વારા પ્રવેશ આપવામાં તંત્રના ગોટાળા : બંધ સ્કૂલોમાં પ્રવેશ ફાળવે છે

ગાંધીનગર, તા. ૧૨

શિક્ષણ વિભાગ તેની મૂળભુત કામગીરી વિસરી ગયુ છે અને પહેલાં કહેવત હતી કે એક માતા સો શિક્ષકની ગરજ સારે જ્યારે આજે કહેવત બદલાઈ ગઈ છે. એક શિક્ષક સો કામની ગરજ સારે તેવો ગંભીર આક્ષેપ ડૉ. સી.જે. ચાવડાએ વિધાનસભા ગૃહમાં શિક્ષણ વિભાગની માંગણીઓ પરની ચર્ચામાં ભાગ લેતાં કર્યો હતો.

તેમણે કહ્યુ કે શિક્ષકો પાસેથી શિક્ષણના બદલે અન્ય કામો લેવામાં આવે છે. તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે આર.ટી.ઈ.માં કેટલાક બાળકોને બંધ થઈ ગયેલી શાળાઓમાં પ્રવેશ ફાળવી દેવાય છે.


શિક્ષણના વધતા જતા વ્યાપારીકરણની પણ આકરી ટીકા કરી ડૉ. ચાવડાએ જણાવ્યું હતું કે પહેલાં વાલી બાળકને શિક્ષણ અપાવવા શહેરમાં લઈ આવતા હતા પરંતુ અત્યારે શિક્ષણ માટે વાલી બાળકને લઈ ગામડે જાય છે. એફ.આર.સી.ની રચના પછી પણ શાળાઓ પર અંકુશ લાદી શકાયો નથી અને મધ્યમ વર્ગને શહેરમાં શિક્ષણ પોષાય તેવુ રહ્યુ નથી.

ડૉ. ચાવડાએ તેમના પ્રવચનમાં જણાવ્યુ હતુ કે શિક્ષણની ગુણવત્તા સુધારણાના અભિયાનમાં અધકચરા પગલાં લેવાય છે. તેમણે જાપાનનો દાખલો ટાંકી કહ્યુ કે ત્યાં શૈક્ષણિક ક્રાંતિ થકી જાપાન દુનિયાને હંફાવી રહ્યુ છે અને આપણે ત્યાં પરિસ્થિતિ જુદી છે. તેમણે ફી ને લઈ થઈ રહેલા આંદોલનો અંગે પણ સરકારનું ધ્યાન દોર્યુ હતુ.

શાળામાં ડ્રોપઆઉટ રેસિયા અંગે ડૉ. ચાવડાએ કહ્યુ કે સૌની ચિંતાનો વિષય છે. કોંગ્રેસ શાસનમાં

● અનુસંધાન પાન-૭ પર

## વિધાનસભામાં ગાંધીનગર



- ધનંજય જોષી

### શાળા આરોગ્ય ચકાસણી દરમિયાન ગંભીર બિમારી ધરાવતા ૨૪૦ બાળકોને સારવાર

ગાંધીનગર જિલ્લામાં શાળા આરોગ્ય ચકાસણી દરમિયાન કેટલા વિદ્યાર્થીઓને ગંભીર રોગોની અસર જણાંઇ કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના પ્રશ્નના ઉત્તરમાં જણાંવ્યા મુજબ જિલ્લામાં શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ દરમિયાન છેલ્લા બે વર્ષમાં હ્રદય , કીડની અને કેનસરની બિમારીથી પીડાતા કુલ ૨૪૦ બાળકો ધ્યાને આવ્યા છે. જેમાં હ્રદય રોગના ૧૫૯, કીડનીના ૭૪ અને ૭ બાળકો કેન્સરની બિમારીથી પીડાતા હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. જયારે ગંભીર બિમારીથી પીડાતા આ તમામ બાળકોને સરકારી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી છે. શાળા ઓરોગ્ય ચકાસણી કાર્યક્રમ દરમિયાન બાળકોને કયા કયા રોગોની સારવાર આપવામાં આવે છે તેવા પેટા પ્રશ્નના ઉત્તરમાં પણ જણાંવાયા મુજબ પાંડુરોગ, આંત્રકૃમિ, દાંત,આંખ, નાક , કાન ગળુ, પેટની તકલીફ,ચામડી,શ્વસનતંત્ર,વિકલાંગતા,જન્મજાત બધિરતા તેમજ હ્રદય કીડીની અને કેન્સર જેવા રોગોની સારવાર આપવામાં આવે છે.

### સેલ્સટેક્સ - વેટ કે જી એસ ટી અન્વયે રૂ ૧૦૪૬.૦૪ કરોડની વસુલાત બાકી

ગાંધીનગર જિલ્લામાં સેલ્સટેકસ , વેટ કે જી એસ ટી ની રકમ વસુલવાની બાકી હોય તેવા એકમો કેટલા છે માણસાના ધારાસભ્યના પ્રશ્ન સંદર્ભે નાંણા મંત્રી રજુ કરેલા લેખિત ઉત્તરમાં જણાવ્યા મુજબ જિલ્લામાં૧૯૯૫ એકમો વસુલતાની દ્રષ્ટીએ બાકી છે. જયારે રૂ ૧૦ લાખથી વધુ રકમ વસુલવાની બાકી હોય તેવા ૨૩૨ એકમો છે. જે અન્વયે રૂ ૧૦૪૬.૪ કરોડ ની વસુલાત બાકી છે. જયારે સમસયર વેરો ન ચુકવતા હોય તેવા ગાંધીનગર જિલ્લાના ૧૮૭ એકમો સામે ગુજરાત વેચાણવેરા,ગુજરાત મુલ્યવર્ધિત કાયદા, માલ અને સેવા કર કાયદા તથા જમીન મહેસુલ કાયદા અન્વયે પગલા લેવામાં આવ્યા છે.

### ગાંધીનગર જિલ્લામાં એક પણ મોટો ડેમ નથી

ગાંધીનગર જિલ્લામાં મધ્યમ તેમજ મોટા કેટલા ડેમ છે માણસાના ધારાસભ્યના પ્રશ્નના ઉત્તરમાં જણાંવાયા મુજબ જિલ્લામાં મોટો ડેમ એક પણ નથી જયારે ૨ મધ્યમ ડેમ છે. જયારે છોટાઉદેપુરમાં એક મોટો અને એક ડેમ મધ્યમ હોવાનુ જળસંપત્તિ વિભાગે ઉત્તરમાં જણાંવ્યુ છે.

# જિલ્લામાં બે વર્ષમાં ૨૩૧ તળાવો ઊંડા કરાયા, ૪૩.૬૩ મિલિયન ઘનફૂટ જળસંગ્રહશક્તિ વધશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૨૩૧ તળાવ ઊંડા કરવામાં આવ્યા છે અને તે પાછળ રૂ. ૩૭૦.૯૪ લાખનો ખર્ચ થયો છે.

કોંગ્રેસના ધારાસભ્યો ડૉ. સી.જે. ચાવડા અને બળદેવજી ઠાકોરે આ અંગે ગૃહમાં પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યું છે કે જે તળાવો ઊંડા કરવામાં આવ્યા છે તેમાં ગાંધીનગર તાલુકામાં ૬૦, કલોલમાં ૮૦, માણસામાં ૨૮ અને દહેગામ તાલુકામાં ૬૩ તળાવનો સમાવેશ થાય છે.

આ માટે ગાંધીનગર તાલુકામાં રૂ. ૬૫.૨૮ લાખનો, કલોલમાં ૨૧૦.૨૭ લાખનો, માણસામાં ૨૧.૪૦ લાખનો તથા દહેગામમાં ૭૩.૯૯ લાખનો મળી રૂ. ૩૭૦.૯૪ લાખનો ખર્ચ થયો છે.

મંત્રીશ્રીએ જણાવ્યું છે કે આ તળાવો ઊંડા કરવાને કારણે જિલ્લાની જળસંગ્રહશક્તિમાં ૪૩.૬૩ મિલિયન ઘનફૂટની ક્ષમતાનો વધારો થયો છે.

મંત્રીશ્રીએ એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે તળાવો ઊંડા કરવામાં ૨૦૧૭-૧૮ના વર્ષમાં સરકારે રૂ. ૪૩.૨૯ લાખ ફાળવ્યા હતા જ્યારે વિવિધ સંસ્થાઓ તરફથી ફાળા પેટે ૧૫૬.૨૭ લાખ મળ્યા હતા. આમ કુલ ૧૯૯.૫૬ લાખ રૂ.ની રકમ મળી હતી. ૨૦૧૮-૧૯માં પૂર્ણ થયેલ કામોના ચૂકવણાની કામગીરી હાલ ચાલુ હોવાનું પણ મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ.

ગજેન્દ્રસિંહ પરમારના એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે સુજલામ્ સુફલામ્ જળસંચય અભિયાન અંતર્ગત ૧૯૬ તળાવો ઊંડા કરાયા હતા. જેમાં રૂ. ૨૬૨.૫૪ લાખનો ખર્ચ થયો હતો. આ ખર્ચમાં ૯૭.૭૦ લાખ રૂ. સરકારનો ફાળો હતો જયારે ૧૬૪.૮૪ લાખ સંસ્થાઓનો ફાળો હતો.

આ તળાવો ઊંડા કરવાથી ૭૫૯ મિલીયન લીટર જળસંગ્રહ વધશે. જિલ્લામાં હાલ જળશક્તિ અભિયાન ચાલી રહ્યુ છે ત્યારે તેનો પડઘો વિધાનસભામાં પડ્યો છે.




ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે વિશ્વ વસ્તી દિનની ઉજવણી નિમિત્તે વસ્તી વધારા સામે જનજાગૃતિ લાવવા માટે અર્બન હેલ્થ સેન્ટરનાં મેડિકલ ઓફિસર ડૉ. ધ્વનિ મેવાડા તેમજ અર્બન હેલ્થ સેન્ટરનાં સમગ્ર સ્ટાફ દ્વારા બાળકો સાથે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

# નવા સેકટરોમાં ૧૭મીએ પાણી પુરવઠો બંધ રહેશે

### ફીલ્ટર પ્લાન્ટની સફાઇ કામગીરીના લીધે એક દિવસ પુરવઠો બંધ રહે અગર અંશત : ફોર્સથી પાણી સપ્લાય કરવામાં આવશે

ગાંધીનગર તા ૧૨

શહેરના નવા સેકટરોમાં આગામી તા ૧૭ જુલાઈના રોજ પાણીનો સપ્લાય સંપુર્ણ બંધ રહેશે અગર અંશત : ફોર્સથી પાણી પુરવઠો સપ્લાય કરાશે. પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા પાણીના ફીલ્ટર પ્લાન્ટની સફાઈ કામગીરી હાથ ધરવાની હોવાથી પાણીનો સપ્લાય રૂટીન મુજબ આપી શકાશે નહીં. શહેરના નવા અને જુના સેકટરોમાં હાલ કોમન સપ્લાય આપવામાં આવે છે. શહેરમાં પ્રતિદિન અંદાજિત ૫૫ એમ એલ ડી જેટલા પાણીનો સપ્લાય કરવામાં આવે છે . પાણીની જરૂરિયાત સંતોષવા માટે પ્રતિવર્ષ સરકાર કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે. જયારે દેશમાં સૌથી વધુ માથાદીઠ પાણીનો વપરાશ ગાંધીનગરમાં થતો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે હાલ શહેરમાં પાણી સપ્લાય માટે તંત્ર દ્વારા ગુજરાત વોટર ઈન્ફાસ્ટ્રકચર પાસેથી પુરવઠો મેળવવામાં આવે છે. સેકટરોમા સમયાંતરે પાણીની ફરિયાદો ઉઠતી રહે છે. પાણીની પોકારને ડામવા માટે પણ તંત્ર દ્વારા લાઈન બદલવાની તેમજ નવી લાઈન અપગ્રેડ કરવાની જરૂર મુજબ કામગીરી હાથ ધરવામા આવે છે. હાલ પાણીના ફિલ્ટર પ્લાન્ટની સફાઈ માટે ટુંકમાં કામગીરી હાથ ધરવામા આવશે. પાટનગર યોજના ભવનના પેટા વિભાગ -૧૮ ના નાયબ કાર્યપાલક ઈજનેરના જણાંવ્યા મુજબ સે-૧ થી ૧૩ માં પાણી પુરવઠાનુ વિતરણ કરવામાં આવે છે. જયારે આગામી તા ૧૬ જુલાઈના રોજ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા ફિલ્ટર પ્લાન્ટની સફાઈની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. જેને અનુલક્ષી તા ૧૭ જુલાઈના રોજ સે-૧ થી ૧૩ માં પાણી પુરવઠાનો સપ્લાય સંપુર્ણ બંધ રહેશે અગર અંશતઃ ફોર્સથી પાણી સપ્લાય કરવામાં આવશે તેમ પણ જણાવાયુ છે. જયારે આગામી દિવસોથી રાબેતા મુજબ પાણી પુરવઠો સપ્લાય કરાશે તેમ પણ તેમણે જણાંવ્યુ છે.

# વનતંત્રની દોડધામ દિપડો હજુ હાથ લાગતો નથી અંબોડનુ જંગલ ફેવરેબલ


### અંબોડના જંગલ વિસ્તારમાં દિપડાને શિકાર મળી રહેતા સાનુકુળ આવી ગયુ છે : દિપડા માટે પાંજરા મુકી આસપાસના ગામોમાં પણ સર્ચિંગ

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા સાત આઠ મહીનાથી દિપડો દેખા દેતો હોવાનુ ધ્યાને આવ્યુ છે. જેના લીધે આસપાસના ગ્રામજનોમાં પણ ફફડાટ રહે છે. અંબોડમાં જંગલ વિસ્તાર તેમજ પાલતુ પ્રાણીઓનો શિકાર કરવાનુ દિપડા માટે સાનુકુલ રહેતા દિપડા માટે આ ફેવરેબલ પ્લેસ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. વનતંત્રએ દિપડો દેખાય તેની આસપાસના ગામોમાં પણ તુરંત સર્ચિંગ કરવાનો નિર્ણય લીધો છે. જયારે દિપડાને કેદ કરવા માટે બે પાંજરા પણ મુક્યા છે.

માણસા તાલુકામાં છેલ્લા કેટલાક દિવસથી દિપડાએ વનતંત્રને દોડતુ કરી દીધુ છે. દિપડાએ દેખા દીધા બાદ વનતંત્રએ હાલ વિવિધ બે ઠેકાણે પાંજરા મુક્યા છે. દિપડાને કેદ કરવા માટે દિપડો દેખાય તેની આસપાસના ગામોમાં વનતંત્ર દ્વારા શોધખોળ કરી દિપડાને કેદ કરવાના પ્રયાસો હાથ ધરાયા છે. છેલ્લા સાત આઠ મહીનાથી ગાંધીનગર જિલ્લામાં દિપડો આંટા મારતો હોવાનુ પ્રકાશમાં આવી રહ્યુ છે. અગાઉ અલુવા હિલ્સમાં પણ દિપડાના પગમાર્ક જોવા મળ્યા હતા. જયારે હાલ અંબોડમાં જંગલ વિસ્તારમાં દિપડાએ અડ્ડો જમાવ્યો હોવાનુ પણ પ્રકાશમાં આવ્યુ છે. અંબોડના આ વિસ્તારમાં હરિયાળુ જંગલ દિપડા માટે ફેવરેબલ બન્યુ છે. જયારે દિપડાને બકરી , કુતરા તેમજ વાંદરા સહીતના પ્રાણીઓનો શિકાર કરવાનુ પણ આસાન મળતા આ ઠેકાણે દિપડા માટે સાનુકુળ સ્થિતિ હોવાનુ વનતંત્રનુ માનવુ છે. છેલ્લા કેટલાક સમયથી દિપડો આ વિસ્તારમાં આંટા મારતો હોવાથી સ્થાનિક ગામોમાં પણ ફફડાટ વ્યાપ્યો છે. ગ્રામજનો પણ આ મામલે પુરતા સતર્ક છે. જો કે વનતંત્ર દ્વારા દિપડાને કેદ કરવા માટે પુરતા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ત્યારે દિપડો એક જગ્યાએ દેખાયા બાદ તુરંત જ અન્ય ગામ તરફ આગળ વધી જતો હોવાનુ ધ્યાને આવતા વનતંત્રએ દિપડો દેખા દે તેની સાથે આસપાસના ગામો તરફ વધુ ધ્યાન કેન્દ્રીત કરવાનો નિર્ણય લીધો છે.

# કલ્ચરલ ફોરમ આયોજિત અર્ક વ્યાખ્યાનમાળામાં પૂ. મોરારિબાપુનુ ૧૮મીએ ટાઉનહોલમાં વકતવ્ય



ગાંધીનગર તા ૧૨

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા પ્રસન્નતાના ૨૫ માં વર્ષની

**પ્રસન્નતા જ જીવન વિષય અંગે પૂ. બાપુ રસપ્રદ વકતવ્ય આપશે**

ઉજવણી અન્વયે વર્ષ દરમિયાન અનેકવિધ સાંસ્કૃતિક તેમજ સાહિત્યિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે.જયારે સમાજજીવનમાં પ્રસન્નતાની જયોત સદાય પ્રજવલિત રાખવા માટે અર્ક વ્યાખ્યાન માળાનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ અન્વયે આગામી તા ૧૮ જુલાઈના રોજ સાંજે ૬ કલાકે સે-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે પુ મોરારી બાપુ પ્રસન્નતા જ જીવન વિષય અંગે વકતવ્ય આપશે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રજત જયંતિની ઉજવણી અન્વયે વર્ષ દરમિયાન અનેકવિધ સાંસ્કૃતિ અને ધાર્મિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત શહેરમાં કલા અને સંસ્કૃતિની વૃતિ પ્રવૃતિને વેગ આપવા સહીત સમાજજીવનમાં તંદુરસ્તી કેળવાય તેવા આશય સાથે અર્ક વ્યાખ્યાનમાળાનુ પણ સમયાંતરે આયોજન કરવામાં આવે છે. અગાઉ કલ્ચરલ ફોરમ આયોજિત અર્ક વ્યાખ્યાન માળામાં પુ મોરારીબાપુ તેમજ બ્રહ્માકુમારીઝના ડો બી કે શિવાની પુ ગુરુમાં સહીતના આધ્યત્મગુરુએ વ્યાખ્યાન આપી આમ નાગરિકોની જીવનને દીશા આપવા નવી રાહ ચીંધી હતી.

કલ્ચરલ ફોરમ દ્વારા પ્રસન્નતાના ૨૫ માં વર્ષની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે પ્રસન્નતા જ જીવન વિષય અંગે પણ આગામી તા ૧૮ જુલાઈના રોજ સાંજ ૬ કલાકે સે-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે અર્ક વ્યાખ્યાન માળા અંતર્ગત પુ મોરારિબાપુ રસપ્રદ વકતવ્ય આપશે. આધુનિક યુગમાં તણાંવથી ત્રસ્ત સમાજ જીવનમાં આમ નાગરિકો માટે અનેક પ્રશ્નો , પળોજણ અને પરેશાનીથી ગ્રસ્ત જીવનમાં સુખ શાંતિની ક્ષણો શોધવા જવુ પડે એવી સ્થિતિ છે.

આવા સંજોગોમાં જીવનમાં સતત પ્રસન્નતાની જયોત પ્રજવલિત રાખવા માટે પુ મોરારિ બાપુ નગરજનોને વકતવ્ય આપશે. આ કાર્યક્રમમાં નિઃ શુલ્ક પ્રવેશ મેળવવા માટે નગરજનોને પ્રવેશ પત્રિકા ગાંધીનગર સમાચારના કાર્યાલય બ્લોક નં ૬૮૪ : ૧ સે- ૮ ખાતેથી મેળવી લેવા જણાંવાયુ છે.

## ગુરૂપૂર્ણિમા નિમિત્તે વકતવ્ય યોજાશે

ગાંધીનગર, તા.૧૨

દત્ત મંદિર, સે-૨૫ ખાતે તા. ૧૪ જુલાઈના રોજ ગુરૂપૂર્ણિમા નિમિત્તે સાંજે ૫ થી ૬ દરમિયાન વકતવ્ય યોજાશે. જેમાં ગાંધીનગર સમાચારના તંત્રી અને કલ્ચરલ ફોરમના પ્રમુખ કૃષ્ણકાન્ત જહા દ્વારા વકતવ્ય આપવામાં આવશે. શહેરીજનોને ખાસ ઉપસ્થિત રહેવા દત્ત મંદિર સમાજ દ્વારા જણાવાયું છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225